### હિંમતનગર પાસેના બેરણા ગામની ચકચારી ઘટના

# પ્રજાસત્તાક પર્વના સમારોહ સ્થળ નજીકથી બે યુવાનોની હત્યા કરાયેલ મૃતદેહ મળતા ખળભળાટ

હિંમતનગર, તા. ૧૭

૨૬મી જાન્યુઆરીએ રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની હિંમતનગર ખાતે ઉજવણી થનાર છે. મહામુહીમ રાજ્યપાલ અને વડાપ્રધાન પદના ઉમેદવાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદની ઉપસ્થિતિમાં યોજાનાર પ્રજાસત્તા પર્વની ઉજવણી માટે વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. ત્યારે ધ્વજવંદન સ્થળ નજીક હિંમતનગર તાલુકાના બેરણા ગામના સીમાડામાંથી બે યુવાનોની હત્યા કરાયેલી લાશો મળી આવતાં સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણીના સ્થળ નજીકથી બે લાશો મળતાં પોલીસ પણ હેરતમાં આવી છે. અને હત્યાનું પગેરૂ મેળવવા ફાંફા મારી રહી છે.

૨૬મી જાન્યુ.એ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાજ્યકક્ષાના પ્રજાસત્તા પર્વની ઉજવણી થનાર છે. બે દિવસ આન-બાન અને શાનથી પ્રજાસત્તાક પર્વની ઉજવણી થનાર છે. હિંમતનગર પાસેના બેરણા ગામે નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મહામુહીમ રાજ્યપાલ ધ્વજવંદન કરનાર છે. ધ્વજવંદન સમારોહ નજીક બેરણા ગામના સીમાડામાંથી ક્રૂર રીતે હત્યા કરાયેલ બે યુવાનોની લાશ મળતાં પોલીસ હેરતમાં આવી ગઈ છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર પાસેના બેરણા ગામના સીમાડાના એક યુવાનની હત્યા થયાના સમાચાર ગાંભોઈ પોલીસને મળતા પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. તે દરમ્યાન ૧૦૦ મીટરના અંતરે એક અન્ય યુવાનની લાશ મળતા પોલીસના હોશ ઉડી ગયા હતા. બનાવની જાણ થતા એલ.સી.બી. પોલીસ ડૉગ સ્કોડ અને એફ.એસ.એલ.ની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી હત્યા કરાયેલ યુવાનોની ઓળખ અને હત્યાનું પગેરૂ મેળવવા તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં ભોગ બનેલા યુવાનો પરપ્રાંતીય હોવાનું અનુમાન થઈ રહ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાં ગુન્હાખોરીનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે. એલ.સી.બી., એસ.ઓ.જી., હિંમતનગર ટાઉનપોલીસ અને ગાંભોઈ પોલીસ હપ્તાઓ ઉઘરાવવામાં અને તોડ કરવામાં રચી પચી રહે છે. જેના કારણે અસામાજીક તત્વોને મોકળુ મેદાન મળી ગયું છે. પોલીસની કામગીરીની ભારે ટીકા થઈ રહી છે.


આજે પોષી પૂનમ... પોષ સુદ ૧૫ એ જગત નિયંતા રાજરાજેશ્વરી એવી શ્રી મા જગદંબાનો 'પ્રાગટ્ય દિન' મા ના પ્રાગટ્ય દિનની ઉજવણી તલોદ ખાતેના શ્રી અંબિકા માતાજીના મંદિરે કેટલાક વર્ષોથી કરવામાં આવે છે. જે અંતર્ગત આજે પણ અહીં માઈભક્ત પરિવારોએ માવા-મિષ્ટાનસભર એવી સુશોભિત 'કેક' કાપીને મા ને 'હેપી બર્થ ડે' કર્યા હતા... માઈ ભક્તોએ આમ પ્રાગટ્ય દિનની ઉજવણી કરીને ધન્યતા અનુભવી હતી ત્યારે 'મા'નું પ્રસન્નવદન સહજભાવે ભક્તોને મોહિત કરી લેતુ જણાતુ હતુ. (તસવીર : દશરથ વણઝારા)

# ગઢમાં સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવાઈ

## ગઢના હોમગાર્ડ જવાનો તેમજ વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરાયું

બનાસકાંઠા, તા. ૧૭

શ્રી વિવેકાનંદ યુવા વર્તુળ ગઢ તેમજ સ્વામી વિવેકાનંદ સાધસતી સમારોહ સમિતિ દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી ગઢ રામજી મંદિર ખાતે પૂજ્ય સંત અમરસદાસ બાપુના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં ગઢના વિશિષ્ટ વ્યક્તિઓ યોગેશકુમાર પી. જોષી, કુમારી ડૉ. શિતલબેન સોલંકી તેમજ સીનીયર નિવૃત્ત હોમગાર્ડ બાજુજી પુનિયાતરનું વિશિષ્ટ સિદ્ધિઓ બદલ તેમજ ગઢ યુનિટના તમામ હોમગાર્ડ જવાનોનું અને ગઢની મ.ત્રિ. ઝવેરી પ્રાથમિક શાળાના ધો. ૧ થી ૭ના પ્રથમ, દ્વિતીય, તૃતિય નંબરથી ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓનું શાલ, મોમેન્ટો તેમજ પુસ્તકથી મંડળના પ્રમુખ અમૃતભાઈ દેસાઈ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય વક્તા સંત અમરદાસ બાપુએ સ્વામી વિવેકાનંદજીના જીવન ચરિત્રમાંથી પ્રેરણા લઈ નાત જાતના ભેદભાવ ભુલી સમાજ સેવા કરવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં હોમગાર્ડ સબ ઈન્સ. બી.ડી. સ્વામી, ગઢ રોટરી સેવા દળ પ્રમુખ વિનોદભાઈ નાઈ, ગઢ સનાતન સમાજ ટ્રસ્ટ પ્રમુખ ઉજમભાઈ આંટીયા, ગઢ સરપંચ પરબતજી ઠાકોર, ગઢ નિવૃત્ત કર્મચારી મંડળ પ્રમુખ ચંપકભાઈ જોષી, તા.પં. ઉ. પ્રમુખ મોતીભાઈ ગોઠી, કરશનભાઈ ભટોળ, નંદુભાઈ સાધુ, રમેશભાઈ જોષી, જયંતીભાઈ બાઈવાડીયા, રણજીતસિંહ ઠાકોર, વિરાભાઈ ગોઠી, હીરાભાઈ સ્વામી, શૈલેષભાઈ દરજી, મુકેશભાઈ જોષી, શાંતિભાઈ રાણા, અંબારામભાઈ રાઠોડ, જીતુભાઈ પંડ્યા, દિનેશભાઈ રાણા, સુરેશભાઈ પરમાર, મુકેશભાઈ સાધુ, પ્રકાશભાઈ થેભાત, દેવચંદભાઈ મણોદરા, નરેશભાઈ ચૌધરી (સુંઢા) પ્રતાપજી ઠાકોર (સલ્લા) સહિત ગઢ ગામના આગેવાનો, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈડર ખાતે અદ્યતન બસ સ્ટેશનનું ભૂમિપૂજન કરાયું

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠાના ઈડર ખાતે રૂ. ૧.૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અદ્યતન બસ સ્ટેશનનું ભૂમિ પૂજન મંત્રી નિતીનભાઈ પટેલ અને મંત્રી રમણલાલ વોરાના હસ્તે કરાયું હતું.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

આ પ્રસંગે મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રજાને અદ્યતન અને સલામત મુસાફરી પુરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યના તમામ જિલ્લાના તાલુકા કક્ષાએ એસ.ટી.ની સુદૃઢ સુવિધા આપવા કામગીરી હાથ ધરાઈ છે. તેના પગલે અનેક સ્થળોએ અદ્યતન સુવિધાઓવાળા બસ સ્ટેશન બન્યા છે. જ્યારે મંત્રી રમણલાલ વોરાએ રાષ્ટ્રીય પર્વોની જિલ્લા કક્ષાએ ઉજવણી કરવાનો નૂતન અભિગમ રાજ્ય સરકારે હાથ ધર્યો છે. અને તેના પગલે સંબંધિત જિલ્લામાં કરોડો રૂપિયાના વિકાસ કામો હાથ ધરાયા છે. આ પર્વે પ્રજાસત્તાક પર્વની ઉજવણી સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં થઈ રહી છે. અને એક હજારથી વધુ વિકાસના કામો અંદાજે રૂ. બે હજાર કરોડના ખર્ચે થવાના છે. માત્ર ઈડર તાલુકામાં ૩૭ કરોડના કામોનું લોકાર્પણ તથા ૧૭ કરોડના ખાતમુહૂર્ત ભૂમિપૂજન મળી કુલ ૫૪ કરોડના કામો હાથ ધરાયા છે. આ પ્રસંગે સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, મુકેશભાઈ પુરી, કૌશલ્યા કુંવરબા, કે.સી. પટેલ, પૃથ્વીરાજ પટેલ, પંકજભાઈ દેસાઈ સહિત અન્ય પદાધિકારી, અધિકારી અને અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કુવામાં પટકાયેલ યુવાનને એક દિવસ બાદ બહાર કાઢી બચાવી લેવાયો

મહેસાણા, તા. ૧૭

મહેસાણા ખાતે સાંઈબાબા મંદિર પાસે ઉંડા કુવામાં પટકાયેલ એક યુવાનને બીજા દિવસે ભારે જહેમત બાદ કુવામાંથી બહાર કાઢી તેને બચાવી લેવામાં આવ્યો હતો.

આ ઘટનાની વિગત એવી છે કે મહેસાણા ખાતે પ્રદૂષણ પરામાં રહેતા દલપત શિવાજી ઠાકોર નામનો યુવાન શહેરના સાંઈબાબા મંદિર પાસે ગોલ્ડન બંગ્લોઝની સામે આવેલા ઉંડા કુવામાં આકસ્મિત રીતે પડી ગયો હતો. આ યુવાનને બચવા માટે પ્રયત્નો કર્યા હતા પરંતુ આસપાસમાં માનવ ચહલ પહલ ન હોઈ તેનો અવાજ સાંભળી શકાતો ન હતો. જેથી દિવસ અને રાત્રિના સમયે આ યુવાન ભૂખ્યો તરસ્યો ઈજાગ્રસ્ત હાલતમાં કુવામાં પડી રહ્યો હતો. બાદમાં સવારના સમયે આ યુવાને બચાવો બચાવોની બુમો પાડતા આ સમયે બકરા ચરાવી રહેલ એક પશુપાલકે કુવાના કાંઠે જઈને તપાસ કરતા કુવામાં કોઈ માણસ પડયો હોવાનું માલુમ પડયું હતું. જેથી પશુપાલક આસપાસની સોસાયટીના માણસોને જાણ કરતા લોકો દોડી આવ્યા હતા. દરમિયાન એક યુવાને રસ્સા વડે બાંધેલ પાટીયાની મદદથી અંદર ઉતરી ઈજાગ્રસ્ત યુવાનને સલામત રીતે બહાર કાઢી બચાવી લીધો હતો. કુવામાં યુવાનને શરીરે ઈજાઓ થતા તેને સારવાર માટે સિવિલમાં ખસેડાયો હતો.

# ભિલોડામાં સોના-ચાંદીના વેપારીઓએ દુકાનો સજ્જડ બંધ રાખી ભિલોડા ના.મા.ને આવેદનપત્ર સુપરત કરાયું

ભિલોડા, તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં સોના-ચાંદીના



વેપારીઓએ દુકાનો સજ્જડ બંધ રાખી ભિલોડા મામલતદાર કચેરી નાયબ મામલતદાર રમણભાઈ વી.વણકરને આવેદનપત્ર ભિલોડા ચોકસી એસોસીએશન તેમજ સોના-ચાંદીના વેપારીઓ ધ્વારા આપવામાં આવ્યું હતું.

ભિલોડા ચોકસી એસોસીએશન પ્રમુખ જન્મેજય સોની, મંત્રી શૈલેષભાઈ સોની, અગ્રણી વેપારી દિલીપભાઈ સોની, જીગરભાઈ સોની, હર્ષદભાઈ સોની, સુભાષભાઈ સોની, દેવાંગભાઈ સોની, રાકેશભાઈ શાહ, રાજેશભાઈ સોની, નવિનભાઈ સોની, વિમલભાઈ સોની સહિત અનેકવિધ વેપારીઓએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના આર્થિક પાટનગર તરીકે અમદાવાદ શહેર પ્રખ્યાત છે ત્યારે સોના-ચાંદીનો ધંધો કરતા વેપારીઓ તેમજ પ્રજાજનોની સલામતી ક્યાંય દેખાતી નાથી. અમદાવાદના હાર્દસમા શિવરંજની ચાર રસ્તા પાસે જાહેરમાં એક ઝવેરીને બંદુકની ગોળી ધરબીને રૂા.૧.૮ કરોડની રોકડ રકમ લુંટારૂઓએ લુંટી લીધી હતી. હિતેશભાઈ ઝવેરીને બંદુકની ગોળી મારીને કરાયેલી હત્યાના વિરોધમાં ભિલોડામાં સોના-ચાંદીના વેપારીઓએ દુકાનો સ્વયંભુ સજ્જડ બંધ રાખી વિરોધ પ્રદર્શન કરેલ હતો.

ભિલોડામાં પણ સોના-ચાંદીના વેપારીઓ ઉપર અવાર-નવાર લુંટાતા રહ્યા છે. અમુક સોના-ચાંદીના વેપારીઓ ઉપર લુંટારૂઓએ ભુતકાળમાં જીવલેણ હુમલા કરી લુંટ કરેલ છે પરંતુ ભવિષ્યમાં આવા લુંટ, હત્યાના બનાવો ના બને તેના માટે પોલીસે એલર્ટ બનવાની તાતી જરૂરીયાત છે તેમ લોકમુખે ચર્ચાય છે.

# શ્રી ઉત્તર બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજનો તેરમો સમુહ લગ્નોત્સવ યોજાશે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં શ્રી અર્બુદા સમાજવાડીમાં શ્રી ઉત્તર બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજનો તેરમો સમુહ લગ્નોત્સવ આજ રોજ યોજાશે. શ્રી ઉત્તર બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજનો તેરમો સમુહ લગ્નોત્સવ, સમૂહલગ્ન સમિતી તેમજ નવદંપતીઓના માતા-પિતા ધ્વારા ધામ-ધુમથી યોજાશે. ૧૬ નવદંપતીઓ પ્રભુતામાં કુંમ-કુંમ પગલા પાડશે. નવદંપતીઓ અગ્નીની સાક્ષીએ સપ્તપદી ફેરા ફરી ગૃહસ્થ જીવનમાં મંગલમય પ્રવેશ કરશે. ધોલવાણી ગામના સંત શિરોમણી શ્રી રામજીબાપા ઉપસ્થિત રહી નવદંપતીઓને આર્શિવાદ આપશે. શ્રી ઉત્તર બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજ, સમૂહલગ્ન સમિતી પ્રમુખ જેસીંગભાઈ ડી.પટેલ (ટોરડા), મંત્રી કચરાભાઈ એમ.પટેલ (ભિલોડા), કારોબારી સભ્યો તેમજ ચૌધરી પટેલ સમાજના અગ્રણીઓએ તેરમો સમૂહ લગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.



## દાતાઓનું દાન એળે જતા વિશ્વાસઘાતની લાગણી થઈ

શહેરમાં વિવિધ પ્રકારની સુવિધાઓ નાગરિકોને મળી રહે તે માટે દાતાઓ લાખો રૂપિયાનું દાન આપતા હોય છે. ત્યારે આજ દાનમાંથી તૈયાર કરવામાં આવેલા સ્મારકોની યોગ્ય માવજત ન થવાના કારણે સ્મારકો જર્જરીત થઈ ગયા છે. પાટણ શહેરની સેવાભાવી સંસ્થા જૈન મંડળ દ્વારા દર વર્ષે લાખો રૂપિયા દાનમાં આપવામાં આવે છે, ત્યારે જૈન મંડળ દ્વારા આપવામાં આવેલા દાનમાંથી રેલવે સ્ટેશન પાસે પાણીના ફુવારા બનાવવામાં આવ્યા હતા. આ ફૂવારા પાલિકા દ્વારા જાળવણીના અભાવના કારણે જર્જરીત થઈ જવા પામ્યા છે. સામાન્ય માણસ ફૂવારા જોઈ સંતોષ પામતો હતો ત્યારે જૈન મંડળના દાનમાંથી બનાવેલ ફૂવારાને પાલિકાએ દૂર કરી આ જગ્યા સેવાભાવી ટ્રસ્ટને ફાળવી દેતા દાન આપનાર દાતાઓની લાગણી દુભાઈ છે જેની ચર્ચા સમગ્ર શહેરમાં થવા પામી છે. (તસવીર : ચેતન રામી, પાટણ)

# સોનાના વેપારીની હત્યાના વિરોધમાં પ્રાંતિજના સોનાના વેપારીઓએ બંધ પાળ્યો


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૧૭

અમદાવાદના જવેલર્સની હત્યાના વિરોધમાં પ્રાંતિજ ખાતેના સોના ચાંદીના વેપારી દ્વારા વેપાર ધંધા બંધ કરી આવેદન પત્ર આપ્યું હતું.

અમદાવાદમાં બે દિવસ પહેલા જવેલર્સની હત્યા કરી દેવામાં આવી હતી. જેના વિરોધમાં પ્રાંતિજ ચોકસી મહાજનના આગેવાનો દ્વારા આજે પ્રાંતિજમાં સવારથી જ બંધ પાળવામાં આવ્યો હતો અને રેલી યોજી ઘટનાનો વિરોધ કરવામાં આવ્યો હતો તેમજ વારંવાર સોના ચાંદીના ધંધા સાથે સંકળાયેલ વેપારીઓ ઉપર તથા હુમલામાં વેપારીઓને સલામતી પુરી પાડવાની માંગણી કરી હતી અને હિતેશ ઝવેરીના હત્યાના ને ઝડપી પાડવા પોલીસ તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગ કરી હતી અને આ અંગેનું આવેનદપત્ર પ્રાંતિજ મામલતદાર ધીરુભાઈ પટેલ અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ. ભરતભાઈ પટેલને આવેદનપત્ર આપ્યું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન